સ્થળોએ ધર્મપ્રભાવના કરી. સિકંદરાબાદ પ્રતિષ્ઠા કરાવી. સિકંદરાબાદથી શિખરજીનો છ'રી પાલિત સંઘ કાઢ્યો. કલકત્તાથી શિખરજી થઈ પાલીતાણા શ્રી સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો. મિતભાષી અને સદાયે ધર્મરત, પ્રશાંતમૂર્તિ અને વાત્સલ્યમૂર્તિ આચાર્યદેવ શ્રી જયંતસૂરીશ્વરજી મહારાજ હસ્તક અનેકવિધ શાસનપ્રભાવના થઈ છે. પ્રભુભક્તિ અને શાસનસેવામાં સદાયે નિમગ્ન રહેતા પૂજ્યપાદ મહાત્માનાં ચરણોમાં કોટિશઃ વંદન હજો !

## ત્રિકાળ સૂરિમંત્રના જાપથી અને લબ્ધિગુરુકૃપાથી પ્રગટેલી અનોખી પ્રતિભા, સમર્થ તર્કનિપુણ, અપ્રમત્ત જ્ઞાનના મહાન સાધક, તપ અને ત્યાગના યુગપ્રવર્તક, વિનય-માધુર્યના ભંડાર, તીર્થોદ્ધારક :

# પૂ. આચાર્યશ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજ

જીવનની મહત્તા જન્મસ્થાનની પ્રભાવક ભૂમિને લીધે, માતા-પિતાના સંસ્કાર-સિંચનને પરિણામે અને ગુરુદેવની અપ્રતિમ વત્સલતાને કારણે પ્રગટે છે, પનપે છે અને સંસિદ્ધ થાય છે તેનું ગરવું દૃષ્ટાંત પૂ. આ. શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજ છે. તેમનો જન્મ નિસર્ગશ્રીથી શોભતી, ગગનચુંબી જિનાલયોની ગૌરવાન્વિત છાણી નામની ધર્મનગરીમાં પિતા છોટાલાલ અને માતા પ્રસન્નબેનને ત્યાં સં. ૧૯૭૨ના જેઠ સુદ પાંચમે થયો હતો. જન્મનામ બાલુભાઈ હતું. શૈશવકાળથી જ પ્રેમપ્રપૂર્ણ વ્યક્તિત્વથી તેઓ અનેકોના વ્હાલા બાલુડા બની ગયા હતા. તેમની તેજનીંરતી આંખો, તેજસ્વી લલાટ, સુડોળ દેહસૌંદર્ય પ્રથમથી જ મહાનતાનો પરિચય કરાવતા હતા. ધર્મભાવનાનાં બીજાંકુરો તો પૂર્વ ભવથી પ્રગટી ચૂકયા હતા, તેમાં શીલવતી માતાએ અને સૌજન્યશીલ પિતાએ સંસ્કારસિંચન કર્યું. બાળપણથી જ પ્રભુભક્તિ અને ગુરુભક્તિ પ્રિય હતાં. એમાંથી બાલુકુમારના વૈરાગ્યના ભાવ સાકાર થવા માંડયા. સંસારની અસારતા સમજાઈ. સંયમ-જીવનની સાર્થકતા આકર્ષી રહી. પરંતુ માતા પ્રસન્નબેનનો પ્રેમ અત્યંત સંવેદનશીલ હતો. દીક્ષાની વાત થતાં તેઓ બેભાન બની જતાં. પરંતુ વિલક્ષણ બુદ્ધિશક્તિવાળા બાલુભાઈ પોતાના નિર્ણયમાંથી ચલિત થાય તેમ ન હતા. તેમણે પોતાના પિતાને દીક્ષા માટે તૈયાર કર્યા. પિતા-પુત્ર રાતોરાત ચાણસ્મા પહોંચ્યા, ત્યાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ બિરાજતા હતા. પિતા-પુત્રે સંયમજીવન સ્વીકારવાની ભાવના દર્શાવી. પૂ. ગુરુદેવશ્રીએ સં. ૧૯૮૫ના જેઠ સુદ ૩ને શુભ દિવસે ભટેવા પાર્શ્વનાથની પવિત્ર છાયામાં દીક્ષા આપી, છોટાલાલને મુનિશ્રી મુક્તિવિજયજી અને બાળક બાલુકુમારને બાલમુનિ શ્રી વિક્રમવિજયજી તરીકે ઘોષિત કર્યા. તેઓશ્રીના વડીલ બંધુ નગીનભાઈ પણ પૂર્વે પૂ. દાદા ગુરુદેવશ્રીના શિષ્ય બની મુનિશ્રી નવીન-વિજયજી બન્યા હતા.

ચૌદ વર્ષની વયે ભોગૈશ્વર્યને ઠુકરાવી, ભોગૈશ્વર્યની સાધના કરવા કૃતસંકલ્પ બનેલા બાલમુનિને મહાયોગી બનતાં કોણ અટકાવી શકે ? પૂજ્યશ્રી વિનમ્રભાવે ગુરુચરણે સમર્પિત થઈ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યયન-તપશ્ચર્યામાં દિનપ્રતિદિન આગળ વધતા ગયા. શાસ્ત્ર, જ્યોતિષ, વ્યાકરણ, સાહિત્ય આદિનાં વિવિધ ક્ષેત્રોનું અતુલ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અનેક યોગોમાં વૃદ્ધિ પામતાં વિદ્વાન, ગંભીર, શાસનપ્રભાવક મહાપુરુષ બન્યા. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ સર્વ પ્રકારની યોગ્યતા નિહાળીને સં. ૨૦૧૧ના માગશર સુદ ૬ને દિવસે સિદ્ધાચલજીમાં પંન્યાસપદથી વિભૂષિત કર્યા. પદસ્થ બન્યા પછી તેઓશ્રીએ ગુરુભગવંત સાથે અનેક શાસ્ત્રગ્રંથોનું સંપાદનકાર્ય અપ્રમત્તભાવે કર્યું. તેઓશ્રીએ નંદી, અવચૂરી, વાસુપૂજ્યચરિત્ર, આચારાંગચૂર્ણિ, શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર, હેમમધ્યમવૃત્તિ વ્યાકરણ, ચૈત્યવંદન, હેમધાતુપારાયણ, પાઇઅલચ્છિનામમાલા આદિ અનેક ગ્રંથોનું સંપાદન કર્યું. આ સંપાદનોનાં પ્રકાશનને લીધે પૂજ્યશ્રી ભારતભરમાં એક સમર્થ શાસ્ત્રવેત્તા તરીકે સુખ્યાત બન્યા. લાલબાગમાં અંતિમ ચાતુર્માસ દરમિયાન પ. દાદાગુરુની તબિયત બગડતાં તુરત જ મુંબઈ પહોંચ્યા. પૂજ્યપાદ કવિકુલકિરીટ દાદા ગુરુદેવશ્રીની સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ પાંચમે ચિર વિદાય પછી તેઓશ્રી ઉપર સમુદાયની સર્વ જવાબદારી આવી પડી. પૂ. ગુરુદેવનો સર્વ પ્રભાવ, ભવ્ય વારસો પૂજ્યશ્રીમાં પ્રત્યક્ષ દેખાતો હતો અને પૂજ્યશ્રીએ એ સિદ્ધ પણ કરી બતાવ્યો.

પૂજ્યશ્રી સૂરિમંત્રના જાપના અઠંગ ઉપાસક હતા. તેમણે અખંડ ત્રિકાલ સૂરિમંત્રના જાપથી વચનસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રી જે બોલે તે થઈને રહે. પ્રદેશે-પ્રાન્તે વિચરી મહાન શાસનપ્રભાવનાઓ કરી. સં. ૨૦૨૮માં સિકંદરાબાદથી શિખરજીનો અને સં. ૨૦૩૦માં કલકત્તાથી પાલીતાણાનો મહાન છ'રી પાલિત સંઘો કાઢ્યા હતા. ખંભાતમાં ૧૦૮ માસક્ષમણ તપશ્ચર્યા કરાવી. ભરૂચતીર્થનો ઉદ્ધાર કરાવ્યો. પૂજ્યશ્રીનું અંતિમ ચાતુર્માસ સં. ૨૦૪૦માં અમદાવાદમાં થયું. ઓચિંતા રોગનો હુમલો થયો. ડૉક્ટરો-વૈદ્યોના ઉપચાર સફળ થયા નહીં. અસંખ્ય શિષ્યો-પ્રશિષ્યો-શિષ્યાઓ-શ્રાવક-શ્રાવિકાઓના મંત્રોચ્ચારો વચ્ચે ગુરુદેવનો હંસલો સ્વર્ગગામી થયો. અગણિત ભક્તજનોનાં નયનોને ભીંજવી જનારો એ દિવસ હતો સં. ૨૦૪૨ની દીપાવલીનો. ચારિત્રધર્મની સમર્થ સાધનાના આ સાધકે ભૌતિક સંપત્તિનો ત્યાગ કરી, આંતરિક નમ્રતા-ક્ષમા-સરળતા-ઉદારતાની જ્ઞાનલક્ષ્મી પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીમાં વક્તૃત્વશક્તિ, કવિત્વશક્તિ, વાદશક્તિ, ધ્યાનશક્તિ અનુપમ અને અદ્ભુત હોવા છતાં સમગ્ર જીવનમાં તેઓશ્રી ગુરુસેવા અને ગુર્વાજ્ઞાને પ્રાધાન્ય આપતા રહ્યા. પૂજ્યશ્રીનો અતુલ્ય પ્રભાવ શિષ્ય-શિષ્યાઓમાં જ નહીં, પણ સામાન્યજન પર પણ અમિટ પડ્યો. પરિણામે તેઓશ્રી શાસનસેવા સાથે યશનું સામ્રાજ્ય ફેલાવી ગયા. ધન્ય એ વત્સલમૂર્તિ ! વંદન હજો એ મહાત્માને !!!

(સંકલન : પૂ. આ. શ્રી વિજયસ્થૂલભદ્રસૂરિજી મહારાજ)




Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org